*This Question Paper contains 8 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 197732

# 337(G)

**(February, 2026)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ અને 60 પ્રશ્નો છે.
2) પ્રશ્નની જમણી બાજુ લખેલ અંક ગુણ દર્શાવે છે.
3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.
4) નવો વિભાગ નવા પાના પર લખવો.

---

## વિભાગ - A

■ નીચે આપેલા 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. દરેકનો 1 ગુણ છે. **[20]**

1) બેન્ક સાથેના પત્રવ્યવહારમાં નીચેની કઈ બાબતનો ઉલ્લેખ થતો હોય ત્યારે પત્રની ગોપનીયતા જળવાય તે જરૂરી છે ?
   (A) સમયપાલન
   (B) નાણાકીય
   (C) નામ-સરનામા
   (D) ખાતા નંબર

2) મોટા શહેરોમાં પાણી-પુરવઠો પૂરતા પ્રમાણમાં મેળવવાં માટે કઈ સંસ્થા સાથે પત્રવ્યવહાર કરવો પડે ?
   (A) રાજ્ય સરકાર
   (B) મહાનગર પાલિકા
   (C) ગ્રામ પંચાયત
   (D) કેન્દ્ર સરકાર

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3) રૂબરૂ મુલાકાતના પત્રમાં નીચેનામાંથી કઈ બાબતનો ઉલ્લેખ કરવામાં આવતો નથી ?

(A) રૂબરૂ મુલાકાતનું સ્થળ

(B) રૂબરૂ મુલાકાતનો સમય

(C) ઇન્ટરવ્યું સ્થળે જવા-આવવા મુસાફરી ખર્ચ

(D) નોકરી અંગેની શરતો

4) કઈ વીમા પોલિસીમાં વીમાધારકનું મૃત્યુ બાદ તેના વારસદારને વીમાની રકમ મળે છે ?

(A) આજીવન વીમા પોલિસી

(B) મુદતી વીમા પોલિસી

(C) સામાન્ય વીમા પોલિસી

(D) ત્રાહિત પક્ષની વીમા પોલિસી

5) આરટીજીએસ માટે જે ગ્રાહકના ખાતામાં નાણા ટ્રાન્સફર કરવાના છે તેની બેન્કનો કયો નંબર આપવો પડે ?

(A) મોબાઇલ

(B) ફોન

(C) પિન

(D) આઇએફએસસી

6) પ્રેઝન્ટેશનમાં કોણ કેન્દ્રસ્થાને હોવું જોઈએ ?

(A) પ્રેક્ષકો

(B) અધિકારિઓ

(C) નેતાઓ

(D) રજુઆતકર્તા

7) બે હપ્તા વચ્ચેનો સમયગાળો ઓછા માં ઓછો કેટલો હોવો જોઈએ ?

(A) 1 માસ

(B) 2 માસ

(C) 3 માસ

(D) 4 માસ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

8) ત્યાગપત્ર શેની સાથે સંકળાયેલ છે ?

(A) શેર જપ્તી

(B) સ્થાપકોના રાજીનામા

(C) હકના શેર

(D) અરજીના નાણા પરત કરવા

9) શેર હોલ્ડરે વસિયતનામું ન કર્યું હોય અને વારસદાર ન હોય તો તેનું મૃત્યુ થતા -

(A) સરકાર શેર જપ્ત કરે.

(B) કંપની શેર જપ્ત કરે.

(C) અદાલત વહીવટદારની નિમણુક કરે.

(D) શેર ધર્માદામાં જાય.

10) શેર હોલ્ડર માટે શેર ....

(A) જંગમ મિલકત છે.

(B) જવાબદારી છે.

(C) રોકડ મિલકત છે.

(D) અચલ મિલકત છે.

11) ડિબેંચર એ "કંપનીની સામાન્ય મહોરથી અંકિત થયેલો કંપનીના દેવાનો સ્વીકાર કરતો દસ્તાવેજ છે." કોના મતે ....

(A) સર ફ્રાન્સિસ પામર

(B) પ્રો. એલ.સી.બી. ગોવર

(C) લોર્ડ બ્લેક બર્ન

(D) કંપની ધારો 2013

12) ડિબેંચર ટ્રસ્ટીની નિમણુક કોણ કરે છે ?

(A) કંપની પોતે

(B) સંચાલક મંડળ સભા

(C) સામાન્ય સભા

(D) ડિબેંચરધારકોની સભા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

13) પેઢીના ભાગીદારો વ્યક્તિગત કે સંયુક્તપણે કંપનીનું સભ્યપદ .....

(A) મેળવી શકે.

(B) પેઢી અને ભાગીદારો સંયુક્ત મેળવી શકે.

(C) મેળવી ન શકે.

(D) માત્ર પેઢી મેળવી શકે.

14) કંપનીમાં સેવા આપનાર નિષ્ણાંત વ્યક્તિઓને અવેજમાં આપેલ શેરથી ...

(A) સભ્યપદ મળતુ નથી.

(B) મેનેજર પદ મળે છે.

(C) સભ્યપદ મળે છે.

(D) અંશતઃ સભ્યપદ મળે છે.

15) પૂર્ણ સમયના મેનેજિંગ ડિરેક્ટરને કેટલું મહેનતાણું ચૂકવી શકાય ?

(A) વેચાણના 5%

(B) ચોખ્ખા નફાના 5%

(C) શેર મૂડીના 5%

(D) અનામતના 5%

16) કંપનીમાં સ્વતંત્ર સંચાલકોની સંખ્યા કેટલી હોવી જોઈએ ?

(A) $\frac{1}{4}$

(B) $\frac{2}{3}$

(C) $\frac{3}{4}$

(D) $\frac{1}{3}$

17) સભામાં સભ્ય પોતાના વતી બીજી વ્યક્તિને હાજર રાખી મતદાનનો લેખિત અધિકાર આપે છે, તેને શું કહે છે ?

(A) પ્રોક્સી

(B) સભાપતિ

(C) સેક્રેટરી

(D) કંપની સભ્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

18) બે વાર્ષિક સાધારણ સભાઓ વચ્ચે કેટલા માસથી વધુનો સમયગાળો ન હોવો જોઈએ ?

(A) 15 માસ

(B) 12 માસ

(C) 18 માસ

(D) 24 માસ

19) સધ્ધરતાનું જાહેરનામું કોણ તૈયાર કરે છે ?

(A) સંચાલકો

(B) લેણદારો

(C) સભ્યો

(D) અદાલત

20) લિક્વિડેટરની નિમણુકની જાણ આવકવેરા અધિકારી ને નિમણુક તારીખથી કેટલા દિવસમાં કરવી જોઈએ ?

(A) 15 દિવસ

(B) 30 દિવસ

(C) 7 દિવસ

(D) 14 દિવસ

## વિભાગ - B

■ **નીચેના 21 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. દરેકનો 1 ગુણ છે.** **[10]**

21) વીમાના મુખ્ય પ્રકારોના નામ જણાવો.

22) ઈ-બુકિંગમાં નાણાની ચુકવણી શેના દ્વારા કરવાની હોય છે ?

23) જાગૃતિ લાવનાર પ્રેઝન્ટેશનના બે ઉદાહરણ આપો.

24) વેચાણ માટેની દરખાસ્ત કોને કહે છે ?

25) ડિવિડન્ડના પ્રકારો જણાવો.

26) ડિમેટ ખાતું ક્યાં ખોલવામાં આવે છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

27) ડિબેંચર ટ્રસ્ટ ડીડ એટલે શું ?

28) વર્તમાન સમયમાં કંપનીનું સંચાલન કોના દ્વારા થાય છે ?

29) સભાપતિ કોને કહેવાય છે ?

30) તપાસ સમિતિની નિમણુક શા માટે કરવામાં આવે છે ?

## વિભાગ - C

■ નીચેના 31 થી 40 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 7 ના ટૂંકમાં જવાબ આપો. દરેકના 2 ગુણ છે. [14]

31) બૅંક સાથેના પત્રો કેવી શૈલી અને ખાંચામાં લખવા જોઈએ ?

32) સ્થાનિક સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર કઈ બાબતો માટે કરવામાં આવે છે ?

33) નોટિસ અને પરિપત્ર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.(કોઈપણ બે મુદ્દા)

34) શેર વહેંચણીપત્રક એટલે શું ?

35) શેર હપ્તાની યાદીમાં કઈ-કઈ વિગતોનો સમાવેશ થાય છે ?

36) ડિબેંચર પ્રમાણપત્ર એટલે શું ?

37) કંપની કોને સ્વેટ ઇક્વિટી શેર ફાળવે છે ?

38) સ્વતંત્ર સંચાલક કોને કહેવાય ?

39) સભા નોટિસ કોને આપી શકાય ?

40) સભ્યો દ્વારા સ્વૈચ્છિક વિસર્જન એટલે શું ?

## વિભાગ - D

■ નીચેના 41 થી 47 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. દરેકના 3 ગુણ છે. [15]

41) કયા આવશ્યક તત્વો ન હોય તો શેર વહેંચણી ગેરકાયદેસર ગણાય ?

42) એકલ વ્યક્તિ કંપનીના સંદર્ભમાં શેર ફેરબદલીની જોગવાઈ જણાવો.

43) ડિબેંચર ફેરબદલીની વિધિ જણાવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

44) ગૌણ કંપની કયા સંજોગોમાં શાસક કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકે ?

45) સંચાલક ટ્રસ્ટી છે પણ નથી - સમજાવો.

46) કંપનીની સભાઓના વિવિધ પ્રકારો દર્શાવો.

47) લેણદારો દ્વારા સ્વૈચ્છિક વિસર્જનની વિધિ જણાવો.

## વિભાગ - E

■ નીચેના 48 થી 53 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના મુદાસર જવાબ આપો. દરેકના 4 ગુણ છે. [16]

48) ઈ-મેઈલ લખતી વખતે ધ્યાનમાં રાખવી પડતી બાબતો જણાવો.

49) શેર હપ્તા અંગે કંપનીધારાની જોગવાઈઓ જણાવો.

50) સ્વૈચ્છિક ફેરબદલી અને ફરજિયાત ફેરબદલી વચ્ચે નો તફાવત જણાવો.

51) કંપનીનું સભ્યપદ મેળવવાની વિવિધ રીતો જણાવો.

52) સંચાલકોના ઓળખક્રમાંક વિશે નોંધ લખો.

53) સભાપતિની લાયકાતો ચર્ચો.

## વિભાગ - F

■ નીચેના 54 થી 60 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. દરેકના 5 ગુણ છે. [25]

54) તમે બેંક ઓફ ઇન્ડિયા, વડોદરા ખાતું ધરાવો છો. તે બેન્કના કોઈ કર્મચારી દ્વારા આપની સાથે અસભ્ય વર્તન થયેલું છે. આ અંગેની ફરિયાદ કરતો પત્ર બેન્ક મેનેજરને લખો.

55) શહેરના જાહેર માર્ગો પર લારી ગલ્લાનું દબાણ વધવાથી પડતી મુશ્કેલીઓ અંગે પત્ર લખો.

56) આવકવેરાને પાત્ર નહિ હોવાથી ડિમાન્ડ નોટિસ રદ કરવાની વિનંતી પત્ર સરસ્વતી બુક સ્ટોર વતી લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

57) એક કર્મચારી દ્વારા વિશેષ શૈક્ષણિક લાયકાત મેળવવામાં આવી છે. આ બાબત ધ્યાનમાં રાખી તેને બઢતી આપવામાં આવી છે. તે અંગે જાણ કરતો પત્ર લખો.

58) શ્યામ ઇન્ડસ્ટ્રીઝમાં કામ કરતા રોહિત ભાવસાર તેમના અધિકારીની રજા લીધા વીના સતત ત્રણ દિવસ ગેરહાજર રહ્યા હતા. શ્યામ ઇન્ડસ્ટ્રીઝ વતી તેમને કારણદર્શક નોટિસ આપતો પત્ર લખો.

59) શ્રી પૂનમચંદ રાવતના અવસાન બાદ તેમની પોલિસી પર મળવાપાત્ર રકમ મેળવવા માટે તેમના વારસદાર તરફથી પત્ર લખો.

60) બેન્કની મુલાકાત બાદ તે અંગેની રજૂઆત કરતો વ્યક્તિગત અહેવાલ લખો.

◆◆◆

Student Bro

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in